# પ્રવૃત્તિ દર્શન

– સંકલન

- દિનાંક ૧૪ ફેબ્રઆરી ૨૦૧૬ના રોજ ઉત્તર ગુજરાત નાડોદા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, પાટણ ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ૨૧મા તપોવન સંશોધન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમારંભનાં ઉદ્‌ઘાટક મા. કુલપતિ શ્રી ડૉ. કે. એસ. લિખિયા સાહેબે પોતાના વક્તવ્યમાં 'અધ્યાત્મ' એ ભારતીય સંસ્કૃતિનો આધાર છે. પરમાત્માનો અંશ માતાના ગર્ભમાં હોય છે. તેવી રજૂઆત કરી હતી. તેમજ તપોવન સંશોધન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ થકી સમાજમાં જાગૃતિ ફેલાય તેવી આશા વ્યક્ત કરી હતી. અધ્યક્ષ સ્થાનેથી માનનીય મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી રણછોડભાઈ દેસાઈએ પોતાના વક્તવ્યમાં શિક્ષણ સંસ્કૃતિ આધારિત હોવું જોઈએ તે વિષય પર ભાર મૂક્યો હતો. પાટણ કેન્દ્રના પ્રકલ્પ સંયોજક અને લાભાર્થી બહેનોએ તેમના અનુભવો રજૂ કર્યા હતા. આ સમારંભમાં બાળવિકાસ આયોગના સદસ્યા મધુબેન સેનવા, જિલ્લા પંચાયતના સદસ્ય, પાટણ યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. દીપુબા દેવડા તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકી ઉપસ્થિત રહ્યા હતા.



- દિનાંક ૧૮-૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬ દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગનાં વિદ્યાર્થીઓમાટે પ્રશિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. કે. એસ. લિખિયા સાહેબે તપોવન પ્રકલ્પ વિશે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તપોવન પ્રકલ્પના ડાયરેક્ટરશ્રી તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકી દ્વારા તપોવન પ્રકલ્પની સૈદ્ધાંતિક માહિતી આપવામાં આવી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ શ્રીમતી કમલામની રાવ દ્વારા સગર્ભાવસ્થામાં આહાર અને પોષણ તેમજ ડૉ. અશોક પ્રજાપતિ દ્વારા ગર્ભાવસ્થામાં માનસિક સ્વાસ્થ્યની માહિતી આપવામાં આવી હતી. તપોવન પ્રકલ્પનું પ્રાયોગિક નિદર્શન શ્રીમતી વિમળાબહેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણ વર્ગ દરમિયાન તપોવન સંશોધન કેન્દ્રની પ્રદર્શની પણ ગોઠવવામાં આવી હતી.



- દિનાંક ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૬ ના રોજ KCG અમદાવાદ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા Exit Conference નું આયોજન કરવામાં આવ્યું હતું. માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા All India Survey on Higher Education (AISHE) દ્વારા દર વર્ષે ભારતભરની ઉચ્ચશિક્ષણ ક્ષેત્રની

તમામ શૈક્ષણિક સંસ્થાઓનો સર્વે કરવામાં આવે છે. જે શિક્ષણક્ષેત્રે ઘડાતી નીતિઓ માટે ખૂબજ ઉપયોગી પુરવાર થાય છે જે અંતર્ગત આ કૉન્ફરન્સમાં શ્રી બી. એન. તીવારી ડેપ્યુટી ડાયરેક્ટર (MHRD), શ્રી પંકજ જોષી (અગ્રસચિવ, શિક્ષણ, ગુજરાત રાજ્ય), શ્રી એ. જે. શાહ (કમિશનર ઉચ્ચશિક્ષણ) તથા સ્ટેટ નોડલ ઑફિસર શ્રી આર. કે. શાહ ઉપરાંત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, નોડલ ઑફિસરો ઉપસ્થિત રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાંથી મા. કુલપતિશ્રી ડૉ. કે. એસ. લિખિયા સાહેબ અને ડૉ. અશોક પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

- દિનાંક ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાથે સંલગ્ન વિદ્યાનિકેતન શ્રી એસ. એફ. ચૌધરી વિદ્યાસંકુલ, માણસાનો વાર્ષિકોત્સવ યોજાયો. વિદ્યાલયના પૂર્વપ્રાથમિકથી માંડીને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા ગીત, નૃત્ય, વક્તવ્ય, નાટક જેવી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સમારંભમાં ઉદ્‌ઘાટક તરીકે યુનિવર્સિટીના કુલસચિવ શ્રીમતી કમલામની રાવ અને મુખ્ય મહેમાન તરીકે ડૉ. નીલેશ પંડ્યા ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન કર્યું હતું. સમારંભમાં બાળકો, વાલીઓ, દાતાશ્રીઓ અને નાગરિકો સહિત આશરે ૧૫૦૦ વ્યક્તિઓ સહભાગી બન્યા હતા.




- દિનાંક ૨૪-૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ચાલતા Accreditation કાર્યક્રમ અંતર્ગત કે. જે. ઠક્કર બાલશાળા, આણંદ (ગુજરાતી માધ્યમ)નું અન્વેષણ અને મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શાળાનું દર્શન, શાળાની માળખાકીય ભૌતિક સુવિધાઓ, વ્યવસ્થાપન, SWOT વિશ્લેષણ, શૈક્ષણિક પ્રવૃત્તિ અને પદ્ધતિ, અભ્યાસક્રમને લગતી બાબતો, શાળાનું નેતૃત્વ, નાવીન્ય પ્રયોગો, માનવ સંશાધનનો વિકાસ અને પ્રગતિ, સાંસ્કૃતિક અને સહભ્યાસિક પ્રવૃત્તિ તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ધ્યેયો સાથે શાળાની સંલગ્નતા જેવા પાસાઓનું માર્ગદર્શન અને સુધારણાના હેતુથી ડૉ. જીજ્ઞેશભાઈ પટેલ, ડૉ. મીનળબા જાડેજા અને શ્રી જયદેવભાઈ ધાંધિયા દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાષ્ટ્રમાં યુનિવર્સિટી કક્ષાએથી શાળાનું શૈક્ષણિક અન્વેષણ અને મૂલ્યાંકન હાથ ધરાયું હોય તેવો આ સૌ પ્રથમ પ્રયાસ હતો. જે અંતર્ગત સમીક્ષા સમિતિ દ્વારા શાળા અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દર્શન અને ધ્યેયની પરિપૂર્તિ માટે યોગ્ય દિશાનિર્દેશ કરવામાં આવ્યો હતો.

